# સુરત મહાનગરપાલિકા
## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં આગામી ઓગષ્ટ/ ઓકટોબર–૨૦૧૫ થી શરૂ થનાર સત્ર માટે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે **તા.૧૭/૦૭/૨૦૧૫** સુધીમાં પહોંચે તે રીતે નિયત ફોર્મમાં ઉમેદવારી અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં. | ટ્રેડનું નામ | સંખ્યા | લાયકાત | પ્રતિમાસ સ્ટાઈપેન્ડ |
|---|---|---|---|---|
| ૧ | વાયરમેન | ૧૮ | ધોરણ–૮ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૨ | ફીટર | ૧૧ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૩ | વેલ્ડર | ૦૧ | ધોરણ–૮ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૪ | મોટર મીકેનીક (વ્હીકલ) | ૦૧ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૫ | કારપેન્ટર | ૦૩ | ધોરણ–૮ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | પ્રથમ વર્ષ રૂા.૨૪૦૦/–<br>બીજુ વર્ષ રૂા.૨૮૦૦/– |
| ૬ | ડ્રાફટસમેન (સીવીલ) | ૦૮ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૭ | ઈલેકટ્રીશ્યન | ૦૯ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૮ | પ્લમ્બર | ૦૩ | ધોરણ–૮ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૯ | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક | ૦૩ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૧૦ | હોસ્પીટલ વેસ્ટ મેનેજમેન્ટ આસીસ્ટન્ટ | ૦૨ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૧૧ | રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીગ મીકેનીક | ૦૩ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૧૨ | મીકેનીક (ડીઝલ) | ૧૦ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૧૩ | ટ્રેકટર મીકેનીક | ૦૨ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૧૪ | સર્વેયર | ૧૫ | ધોરણ–૧૦ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૧૫ | પેઈન્ટર (જનરલ) | ૦૨ | ધોરણ–૮ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૮૦૦/– |
| ૧૬ | કોલ સેન્ટર આસીસ્ટન્ટ | ૦૫ | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ અને ધોરણ–૧૨ પાસ અથવા એનટીસી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ એનસીવીટી માં ઈલેકટ્રોનિકસ કોમ્પ્યુ. સીસ્ટમ, સીઓપીએ, આઈટી અને ઈએસએમ, આર અને ટીવી, આઈએમ. | રૂા.૨૪૦૦/– |
| ૧૭ | ગાર્ડનર (માળી) | ૦૪ | ધોરણ–૮ પાસ અને આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૧૮ | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (પેથોલોજી) | ૨૦ | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ અને ધોરણ–૧૨ પાસ (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી સાથે) | રૂા.૨૪૦૦/– |

| અ.નં. | ટ્રેડનું નામ | સંખ્યા | લાયકાત | પ્રતિમાસ સ્ટાઈપેન્ડ |
|---|---|---|---|---|
| ૧૯ | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (રેડીયોલોજી) | ૦૩ | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ અને ધોરણ–૧૨ પાસ (ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી સાથે) | રૂા.૨૪૦૦/– |
| ૨૦ | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (કાર્ડીયોલોજી એન્ડ ફીઝીયોલોજી) | ૦૧ | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ અને ધોરણ–૧૨ પાસ (ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી સાથે) | રૂા.૨૪૦૦/– |
| ૨૧ | બિલ્ડીગ મેઈન્ટેનન્સ ટેકનીશ્યન | ૨૫ | ધોરણ–૧૦ પાસ તથા આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૨૨ | સેનેટરી હાર્ડવેર ફીટર | ૦૧ | ધોરણ–૮ પાસ તથા આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૨૩ | લાયબ્રેરી આસીસ્ટન્ટ | ૦૨ | ધોરણ–૧૨ પાસ તથા આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૨૪ | કોમ્પ્યુટર ઓપરેટર પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૩૯ | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ, સાયન્સ/ કોમર્સ સાથે ધોરણ–૧૨ પાસ અથવા ત્રણ વર્ષનાં કોમ્પ્યુટર સિવાયનાં ડીપ્લોમા એન્જીનીયરીંગ | રૂા.૨૪૦૦/– |
| ૨૫ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | ૨૦ | ધોરણ–૧૨ પાસ તથા આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |
| ૨૬ | હાઉસ કીપર (કોર્પોરેટ) | ૦૧ | ધોરણ–૧૦ પાસ તથા આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૨૪૦૦/– |

**નોંધ :** (૧) ઉપરોક્ત જગ્યાઓ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના દ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સીલેકશન સમિતિ દ્વારા બેઝીક લાયકાત તેમજ મૌખીક પરીક્ષાનાં દેખાવનાં આધારે જે તે જગ્યા માટે માપદંડ નકકી કરાશે તે પ્રમાણે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોક્ત જગ્યા માટેનાં ઉમેદવારોએ એપોઈન્ટમેન્ટ ઓથોરીટી નકકી કરે તે મુજબની મૌખીક પરીક્ષાઓ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી જે જગ્યા સુચવે તે જગ્યાએ પોતાનાં ખર્ચે પહોંચવાનું રહેશે.

(૩) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબનાં પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાનાં રહેશે.

(૧) શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર.

(૩) ઉમેદવારોએ જાતિ અંગેનાં પુરાવા માટે ગુજરાત સરકારશ્રીનાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવારે સા.શૈ.પ.વ.નાં હોય, તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ નું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સીવીલ સર્જનનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક / અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૪) નીચેનાં કારણોસર ઉમેદવાર (અરજદાર) ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે. (રદ થવાને પાત્ર રહેશે.)

(૧) અરજી પત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજી પત્રકમાં ચોંટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય. (એક અગર બંને જગ્યાએ)

(૨) અરજદારે અરજી પત્રકનાં કોલમ નં.૧૦ માં જન્મ તારીખ બતાવી ન હોય, અધુરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૩) નિયત મુળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૪) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેનાં માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૫) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તે તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે.

ઉપરોક્ત જગ્યાઓ માટેનાં અરજીનાં નિયત ફોર્મ સુરત મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦.૩૦ થી

બપોરે ૨.૩૦ તથા બપોરે ૩.૦૦ થી ૪.૩૦ વાગ્યા સુધીમાં રૂા.૨૫/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજી ફોર્મ મંગાવનારે આખરી મુદતનાં ઓફિસ કામકાજનાં ૬ દિવસ પહેલાં પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ રૂા.૨૫/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યાબાદ ટપાલથી અરજી ફોર્મ મંગવાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહી. ટપાલથી અરજી ફોર્મ મંગાવનારને સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજી ફોર્મ નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

**નોંધ :** આ જગ્યાઓ માટેનાં વિના મુલ્યે નિયત નમુનાના અરજીફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ : www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી **લીગલ સાઈઝનાં** ફોર્મમાં સંપુર્ણ વિગતો ભરી જરૂરી પુરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

અરજી મોકલવાનું સરનામુ : **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, (મધ્યસ્થ કચેરી) ની ઓફિસ, રૂમ નં.૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

**સહી/–**
**ડેપ્યુટી કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.પીઆરઓ/ ૨૫૭ /૨૦૧૫–૧૬,**
**તા. ૦૧ /૦૭/૨૦૧૫**